# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-07-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત-લોક સભા જવાબ:

ગુજરાતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે કોઇ પહેલ અંગેના સાંસદ ગેનીબેન ઠાકોર દ્વારા પૂછાયેલા અતાંરાંકિત પ્રશ્નનો ઉત્તર આપતા કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યૂં હતું કે ગુજરાતમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની દેખરેખ અને જાળવણી હેઠળ 205 કેન્દ્રિય રીતે સંરક્ષિત સ્મારકો છે. ASI સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરવા માટે કચ્છના ધોળાવીરા ખાતે એક પુરાતત્વીય સ્થળ સંગ્રહાલય પણ સ્થાપિત કર્યું છે. સંસ્કૃતિ મંત્રાલયે ગુજરાતની લોક સંસ્કૃતિને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે ઉદયપુર ખાતે પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્રની સ્થાપના કરી છે અને આ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વસંતોત્સવ, રાષ્ટ્રીય એકતા દિવસ, ડાંગ દરબાર, નુપુર નૃત્ય મહોત્સવ અને આદિવાસી ઉત્સવનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં નવા સંગ્રહાલયો અથવા સાંસ્કૃતિક કેન્દ્રો સ્થાપવા માટેની દરખાસ્તોની વિગતો અને સ્થિતિ વિશેના એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે હાલમાં, સંસ્કૃતિ મંત્રાલય પાસે વિચારણા માટે આવી કોઈ દરખાસ્ત પેન્ડિંગ નથી.

---------------------------------------------------------------------------------------------------

## શિક્ષકોને નિમણુંક પત્ર :

કચ્છ જિલ્લામાં અનુદાનિત માધ્યમિક શાળાઓની ભરતી અંતર્ગત ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ ભુજ ખાતે અનુદાનિત માધ્યમિક શાળાઓમાં નિમણુંક પત્ર એનાયત કાર્યક્રમ આજે યોજાયો હતો જેમાં ૮૧ ઉમેદવારોમાંથી ૫૭ ઉમેદવારો હાજર રહ્યા હતા. હાજર થયેલા ૫૭ પૈકી ૪૧

ઉમેદવારો કચ્છના નિમણૂંક પામ્યા છે. આ પ્રસંગે ઉપસ્થિત પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુંડાએ કચ્છમાં બાળકોને શિક્ષણની તકો પૂરી પાડી બાળકોનું ભવિષ્ય સુધારવા ટકોર કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા એ શિક્ષણની સાથે સંસ્કારોનું સિંચન કરવા શિક્ષકોને અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## ઘેટાપાલકને મશીન વિતરણ:

કેન્દ્રીય ઊન વિકાસ બોર્ડ, ગુશીલ અને સહજીવન સંસ્થાના પ્રયાસથી ઘેટાંપાલકોને મશીન વિતરણનો કાર્યક્રમ દયાપર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ સેન્ટ્રલ વૂલ ડેવલપમેન્ટ બોર્ડના ડાયરેક્ટર જી.એસ. ભાટી તથા ગુશીલના મેનાજિંગ ડાયરેક્ટર ડો. પોષક પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. મશીન કતરાઈની તાલીમ પ્રાપ્ત ઘેટાંપાલકોને મશીનોનું વિતરણ કરીને તેમને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં 50 મશીન આપવામાં આવ્યા છે, જેમાંથી 40 મશીન કચ્છના અને 10 મશીન સુરેન્દ્રનગર જિલ્લાના માલધારીઓને વિતરીત કરાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## વરમસેડામાં શાળાનું લોકાર્પણ:

નખત્રાણા તાલુકાના વરમસેડા ગામે 94 લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળાનાં ભવનની લોકાર્પણવિધિ સાસંદ વિનોદભાઇ ચાવડા તથા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનાસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બનેલી આ પ્રાથમિક શાળા થકી ગામનાં બાળકોને વધુ સારું શિક્ષણ મળશે. છાત્રોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સરકાર કટિબદ્ધ છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન :

બંગાળની ખાડીમાં સર્જાયેલી વરસાદી સિસ્ટમના પ્રભાવના કારણે કચ્છમાં પણ પાંચ દિવસ હળવા-મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદના વર્તારા વચ્ચે આજે સવારથી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં ધાબડિયો માહોલ જોવા મળ્યો હતો. વાદળછાયો વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો, જેથી ગરમી-ઉકળાટમાં થોડી રાહત જોવા મળી હતી.

---

## દિપડાનો હુમલો:

નખત્રાણા તાલુકાના ખીસરા રોહા વાડી વિસ્તારમાં ખેત મજૂર યુવાન પર દીપડાએ હુમલો કરતા ઇજા પહોંચાડી હતી. ગઇકાલે બનેલા આ બનાવ બાદ વન તંત્ર દ્વારા દીપડાને પકડવા માટે નિરોણા, વડવા ભોપા, વેડહાર સહિતના સ્થળોએ પાંજરા મૂકવામાં આવ્યા છે. નોંધનીય છે કે પશ્ચિમ કચ્છમાં ભુજ, અબડાસા, નખત્રાણા અને લખપત સહિત આઠ રેન્જમાં દીપડાની હાજરી છે પરંતુ આ પૂર્વે ભુતકાળમાં ક્યારેય માણસ પર હુમલાનો બનાવ નોંધાયો નથી.

---

## શ્રાવણ માસ,પ્રથમ સોમવાર:

આજે શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે શ્રદ્ધાળુઓ શિવાલયોમાં ભક્તિમાં લીન બન્યા છે. કચ્છના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી. આજે સાંજે શિવાલયોમાં મહાઆરતી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. શ્રાવણ માસના પ્રારંભ સાથે દશામાના વ્રત, રક્ષાબંધન, નાગપંચમી, રાધણછઠ્ઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી સહિતના તહેવારો તેમજ શ્રાવણીયા મેળાઓનો અનેરો ઉત્સાહ લોકોમાં જોવા મળશે.

---

# માનવ જ્યોત સંસ્થા:

ભુજની માનવજ્યોત સંસ્થા વર્ષોથી ઘરથી વિખૂટા પડી ગયેલા માનસિક દિવ્યાંગોના રાજ્ય, શહેર, ગામ-પરિવાર શોધી આપી તેમનો પરિવારજનો સાથે ફેરમિલન કરાવવાનું કાર્ય કરે છે. અત્યાર સુધીમાં 2350 માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનો પોતાના પરિવાર સુધી પહોંચ્યા છે.

બાયડ, સોમનાથ, મહુવા, પાલીતાણા, મોરબી, સુરત, રાપર સેવાશ્રમોના 400 માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનોને ભુજ લઇ આવી તેમને પણ ઘર- પરિવાર સુધી પહોંચતા કર્યા છે. માનવતાનાં આ કાર્યમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ભુજનું માર્ગદર્શન મળતું રહ્યું છે તેમજ દરેક રાજ્યની પોલીસ મદદરૂપ બની છે.

-----------------------------------------------------------------------------------------------